ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૯.૦ ડીગ્રી
લઘુતમ : ૨૮.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૫ ટકા ● સાંજે ૪૧ ટકા

# ગ્રામભારતી પાસેથી ૩૦ લાખની નકલી નોટોનો જથ્થો ઝડપાયો

## નકલી નોટોનો જથ્થો લઈ યુવક બાઈક પર વિજાપુર જતો હતો તે સમયે વાહન ચેકીંગમાં યુવાન પાસેથી પોલીસને ૨૦૦૦, ૫૦૦ અને ૧૦૦ના દરની કુલ-૩૫૮૧ નકલી નોટો મળી આવી, નોટો અસલી કે નકલી છે તે માટે એફએસએલ અને બેંક અધિકારીની મદદ લેવાઈ, માણસા પોલીસની સતર્કતાથી યુવક ઝડપાયો

ગાંધીનગર, તા.૩૦

ન્યુ સરગાસણ ખાતે રહેતો યુવક બાઈક પર થેલીમાં નકલી નોટો લઈને વિજાપુર તરફ જઈ રહ્યો હતો. તે સમયે ગ્રામભારતી પાસે વાહન ચેકીંગમાં માણસા પોલીસના હાથે ઝડપાઈ ગયો હતો. પોલીસે થેલીમાં ચેક કરતા તેની પાસેથી રૂ.૧૦૦, ૫૦૦ અને રૂ.૨૦૦૦ ના દરની કુલ-૩૫૮૧ નોટો મળી કુલ રૂ.૩૦ લાખનો જથ્થો મળી આવ્યો હતો. આટલી મોટી માત્રામાં નકલી નોટનો જથ્થો જોઈ પોલીસ પણ ચોંકી ઉઠી હતી. યુવક પોતાના ઘરે જ ઈલેક્ટ્રોનીક ઉપકરણોથી નકલી નોટો છાપતો હતો. જયારે નોટો અસલી છે કે નકલી તે માટે એફએસએલ અને બેંક અધિકારીની મદદ લેવામાં આવી હતી. જયારે પોલીસે આરોપીની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ જિલ્લા પોલીસ વડા મયુર ચાવડાની સુચનાથી ગાંધીનગર-મહુડી માર્ગ પર ગ્રામભારતી પાસે માણસા પોલીસ મથકના પીઆઈ જતીન પ્રજાપતિ અને સર્વેલન્સ સ્ટાફના પીએસઆઈ એચ.કે.શ્રીમાળી કર્મચારીઓ સાથે વાહન ચેકીંગની કામગીરી કરી રહ્યા હતા. તે દરમિયાન કાળા કલરના હોન્ડા શાઈન બાઈક પર એક યુવાન પસાર થઈ રહ્યો હતો. પરંતુ યુવાનની હિલચાલ શંકાસ્પદ લાગતા પોલીસે તેને અટકાવી પુછપરછ કરી હતી. જેમાં યુવાને તેનું નામ સંતોષ કચરાભાઈ રાવળ (રહે. સરગાસણ સહજાનંદ સ્ટેટસ બ્લોક નં.-એ ૩૦૨, મુળ રહે. ખડાત પંચાલપુરા માણસા) હોવાનું જણાવ્યું હતું. ત્યારબાદ પોલીસે યુવકના બાઈક પર લટકાવી રાખેલો થેલો ચેક કર્યો હતો. જેમાં રૂપીયા ભરેલા નોટોના બંડલ જોઈ પોલીસ પણ આશ્ચર્ય પામી હતી. પોલીસે સંતોષની પુછતાછ કરતા તે યોગ્ય જવાબ આપી શક્યો ન હતો. જેને પગલે પોલીસે ઝીણવટભર્યું નિરીક્ષણ કરીને નોટોની ચકાસણી કરતા રૂ.૨ હજારની, રૂ.૫૦૦ની અને રૂ.૧૦૦ ના દરની નોટોના બંડલ એક જ સરખા સિરીયલ નંબરના જોવા મળ્યા હતા. માણસા પોલીસે નોટોના બંડલ અસલી છે કે નકલી તેની ખરાઈ કરવા માટે એફએસએલની અને બેંકના અધિકારીની મદદ લેવામાં આવી હતી. જેમાં ટીમના સભ્યોએ તપાસ કર્યા બાદ તમામ નોટો નકલી હોવાનું જણાવ્યું હતું. પ્રાથમિક તપાસમાં નોટોની સાઈઝ અસલી કરતા થોડી નાની હતી તેમજ ગુણવત્તા હલકી કક્ષાની હોવાનું જણાઈ આવ્યું હતું. નોટો પર ઈન્ટીગ્લો પ્રિન્ટ તેમજ વેરીયેબલ ઈન્ક પણ જોવા મળી ન હતી. માણસા પોલીસે સંતોષ રાવળના સરગાસણ સ્થિત ઘરે તપાસ કરતા પ્રિન્ટર, સ્કેનર, સહિતના ઉપકરણો મળી આવ્યા હતા. આ ઉપકરણનોની મદદથી નકલી નોટો છાપતો હોવાની કબુલાત કરી હતી. જયારે વિજાપુરમાં તે કોની મદદ લેવાનો હતો અને અગાઉ કેટલી નોટો છાપી છે તે દિશામાં પોલીસે તપાસનો ધમધમાટ શરુ કર્યો છે. સંતોષ રાવળ સામે કલોલ અને ડભોડા પોલીસ મથકમાં ચિટીંગના ગુના નોંધાયેલા છે. જે ગુનામાં તે પૈસા ભરવાની શરતે જામીન પર છુટ્યો હતો. જો કે બે કિસ્સામાં તેણે પૈસા ન ભરતા તેના જામીન ના મંજુર થયા હતા. બીજી તરફ તેની માથે બેંકનું પણ દેવુ છે જેને આ તમામ દેવા પુરા કરવા માટે અને સરળતાથી પૈસાદાર બની જવા માટે તેણે નકલી નોટ છાપી હતી. રૂ.૨ હજાર, રૂ.૫૦૦ અને રૂ.૧૦૦ દરના નકલી ચલણી નોટના બંડલ ગણવા માટે પોલીસના જવાનો બેસી ગયા હતા. જયારે કલાકોની ગણતરી બાદ ૩૫૮૧ નકલી ચલણી નોટો કુલ રૂ.૩૦ લાખનો નકલી નોટનો જથ્થો પોલીસને મળી આવ્યો હતો.

### રૂપિયા ૨૦૦૦ના દરની ડુપ્લીકેટ નોટોની વિગત

(૧) 5CS ૨૫૩૦૧૪ની નોટ નંગ-૨૮૬ જે કુલ રૂપિયા ૫,૭૨,૦૦૦
(૨) 4AE ૬૩૭૭૦૧ની નોટ નંગ-૨૭૬ જે કુલ રૂપિયા ૫,૫૨,૦૦૦
(૩) 7EA ૮૪૭૭૦૫ની નોટ નંગ-૨૮૭ જે કુલ રૂપિયા ૫,૭૪,૦૦૦
(૪) 6EP ૭૫૨૯૫૯ની નોટ નંગ-૨૮૩ જે કુલ રૂપિયા ૫,૬૬,૦૦૦
(૫) 8FG ૦૫૫૭૯૯ની નોટ નંગ-૫ જે કુલ રૂપિયા ૧૦,૦૦૦

કુલ નોટ નંગ-૧૧૩૭ કુલ કિંમત રૂ. ૨૨,૭૪,૦૦૦

### રૂપિયા ૧૦૦ના દરની ડુપ્લીકેટ નોટોની વિગત

(૧) 1FH ૯૩૩૩૮૯ની નોટ નંગ-૨૮૭ જે કુલ રૂપિયા ૨૮,૭૦૦
(૨) 2FH ૯૩૩૩૯૨ની નોટ નંગ-૩૧૨ જે કુલ રૂપિયા ૩૧,૨૦૦
(૩) 2FH ૯૩૩૩૯૩ની નોટ નંગ-૩૪૮ જે કુલ રૂપિયા ૩૪,૮૦૦
(૪) 2FH ૯૩૩૩૯૮ની નોટ નંગ-૨૯૩ જે કુલ રૂપિયા ૨૯,૩૦૦

કુલ નોટ નંગ-૧૨૪૦ કુલ કિંમત રૂ. ૧,૨૪,૦૦૦





### રૂપિયા ૫૦૦ના દરની ડુપ્લીકેટ નોટોની વિગત

(૧) 0DU ૧૯૩૮૯૦ની નોટ નંગ-૧૪૮ જે કુલ રૂપિયા ૭૪,૦૦૦
(૨) 1DB ૯૩૨૬૩૬ની નોટ નંગ-૧૫૩ જે કુલ રૂપિયા ૭૬,૫૦૦
(૩) 1DB ૯૩૨૬૩૭ની નોટ નંગ-૨૪૩ જે કુલ રૂપિયા ૧,૨૧,૫૦૦
(૪) 4BW ૯૩૨૩૦૪ની નોટ નંગ-૧૦૩ જે કુલ રૂપિયા ૫૧,૫૦૦
(૫) 7QA ૦૭૮૦૨૩ની નોટ નંગ-૧૩૩ જે કુલ રૂપિયા ૬૬,૫૦૦
(૬) 3EH ૫૦૨૩૪૯ની નોટ નંગ-૧૫૭ જે કુલ રૂપિયા ૭૮,૫૦૦
(૭) 3EH ૫૦૨૩૪૭ની નોટ નંગ-૪૪ જે કુલ રૂપિયા ૨૨,૦૦૦
(૮) 3EH ૫૦૨૩૪૮ની નોટ નંગ-૭૧ જે કુલ રૂપિયા ૩૫,૫૦૦
(૯) 8TT ૭૦૬૨૪૪ની નોટ નંગ-૭૩ જે કુલ રૂપિયા ૩૬,૫૦૦
(૧૦) 8SS ૫૩૯૭૩૩ની નોટ નંગ-૭૯ જે કુલ રૂપિયા ૩૯,૫૦૦

કુલ નોટ નંગ-૧૨૦૪ કુલ કિંમત રૂ. ૬,૦૨,૦૦૦

## જન્મદિને વધામણી



મહેશકુમાર ડી રાવલ
મો. ૨૩૨૩૩૦૬૭



ભગવતીબેન બી. પ્રજાપતિ
મો. ૮૨૦૦૨ ૧૯૧૬૩



લીલાબેન કે ત્રિવેદી
મો. ૯૪૨૭૭ ૧૪૨૮૮



ભાવનાબેન શાહ
મો.૯૯૭૮૪ ૫૬૫૦૬



ડો. આનંદ બી પ્રજાપતિ
મો. ૯૮૨૪૫ ૫૫૧૯૭

## આવતીકાલે સે-૧૧માં રકતદાન શિબિર યોજાશે

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગરમાં સિવિલ હોસ્પિટલમાં સર્જાયેલી રકત પુરવઠાની અછતને પહોંચી વળવા વિવિધ સંસ્થાઓ દ્વારા પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. જે અંતર્ગત શહેરના શ્રી ગણેશ ચેરીટેબલ ટ્રસ્ટ તથા મારૂતિનંદન ભારત ગેસ એજન્સી દ્વારા આગામી તા. ૧લી જૂન મંગળવારના દિવસે સવારે ૯ થી ૧૨ કલાક દરમિયાન સેકટર-૧૧માં બી-૧૪, અભિષેક કોમ્પ્લેક્ષ ખાતે રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ રકતદાન કેમ્પમાં એકત્રિત થનાર રકત સિવિલ હોસ્પિટલના જરૂરિયાતમંદ દર્દીઓ માટે ઉપયોગમાં લેવાશે તેવું સંસ્થાની અખબારી યાદીમાં જણાવાયું છે.



## મોદી સરકારની વર્ષગાંઠે શબવાહિની તથા ગૌમાતા એમ્બ્યુલન્સનું લોકાર્પણ

આજે નરેન્દ્ર મોદી સરકારને સાત વર્ષ પૂર્ણ થયાના પ્રસંગે ભાજપ દ્વારા વિવિધ સેવાકાર્ય હાથ ધરીને ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે માણસા શહેર ભાજપ દ્વારા યોજાયેલા એક કાર્યક્રમમાં ગાંધીનગર જિલ્લાના ભાજપ અગ્રણી અને શ્રી વિઘ્નેશ્વરી પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ ''આનંદી માનો વડલો'' વાનપ્રસ્થાશ્રમના માનદ્ મેનેજીંગ ટ્રસ્ટી સેવાનુરાગી દિનેશભાઈ વ્યાસ દ્વારા ''મા વિઘ્નેશ્વરી મોક્ષ રથ શબવાહિની'' ઉપરાંત બિમાર, અશક્ત અને ઈજાગ્રસ્ત ગાયો સહિતના અબોલ પશુઓને નજીકના ઉપચાર કેન્દ્ર પર વિનામૂલ્યે લઈ જઈ શકાય તે માટેની ''ગૌમાતા સેવારથ એમ્બ્યુલન્સ''ની ભેટ આપવામાં આવી હતી જેનું સાંસદ શારદાબેન પટેલ તથા જિલ્લા ભાજપ પ્રમુખ નૈલેશભાઈ શાહની ઉપસ્થિતિમાં લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

## વાવોલના અગ્રણી યુસુફભાઈ શેખની શહેર ભાજપ લઘુમતી મોરચાના પ્રમુખપદે વરણી

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર શહેરના ભારતીય જનતા પાર્ટીના સંગઠન દ્વારા શહેરના વિવિધ મોરચાના પ્રમુખ તથા મહામંત્રીઓની નિમણૂંક કરવામાં આવી છે જેમાં વાવોલના લઘુમતી સમાજના અગ્રણી અને સમાજ સેવક યુસુફભાઈ શેખની ભાજપ શહેર લઘુમતી મોરચાના પ્રમુખપદે વરણી કરવામાં આવી છે. યુસુફભાઈ શેખ વાવોલના વતની હોવા સાથે લાંબા સમયથી ભાજપના સંનિષ્ઠ કાર્યકર તરીકે સેવા બજાવી રહ્યાં છે તેમજ લઘુમતી સમાજમાં પણ તેઓ તેમના સાલસ સ્વભાવ સાથે ઉમદા માનવીની છાપ ધરાવે છે. આ ઉપરાંત વાવોલ સહિત આસપાસના વિસ્તારમાં વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓમાં પણ સક્રીય ભૂમિકા ભજવતાં રહ્યા છે. યુસુફભાઈ શેખની લઘુમતી મોરચાના પ્રમુખપદે વરણી થતાં વાવોલના ભાજપ એકમ સહિત લઘુમતી સમાજમાં આનંદની લહેર પ્રસરવા પામી છે અને તેમને સ્વજનો, મિત્રો-શુભેચ્છકો તથા ટેકેદારો તરફથી અભિનંદન પાઠવવામાં આવી રહ્યાં છે.



## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



ના બેટા વેકિસનનું રીએકશન નથી આવ્યું...નર્સ સારી હતી એવું તારી કાકી હતી ને ત્યાં બોલાઈ ગયું...!!

## ચિરવિદાય

● મુકિતધામ ●

- સ્વ. શાહ દિપકકુમાર જયંતિલાલ, ઉ.વ. ૪૭, ખાનપુર, દહેગામ
- સ્વ. પરમાર મહેન્દ્રસિંહ કચરાજી, ઉ.વ. ૪૦, લાકરોડા, માણસા
- સ્વ. ચૌહાણ રતનસિંહ ટેટુસિંહ, ઉ.વ. ૬૮, અમરાભાઈના મુવાડા, દહેગામ
- સ્વ. પ્રજાપતિ સોમાભાઈ મથુરભાઈ, ઉ.વ. ૬૮, આલમપુર
- સ્વ. ભાટિયા સુભદ્રાબેન સુર્યકાન્ત, ઉ.વ. ૬૩, સેકટર-૧૪
- સ્વ. શુકલ શારદાબેન વિષ્ણુપ્રસાદ, ઉ.વ. ૯૧, સેકટર-૧૪
- સ્વ. સરદારે ચદ્રિકાબેન મહાદેવભાઈ, ઉ.વ. ૫૨, વાવોલ
- સ્વ. વ્યાસ રજનીકાન્ત શાંતિલાલ, ઉ.વ. ૬૮, પેથાપુર
- સ્વ. કુનાલ-કૈલાસબેન મંગળદાસ, ઉ.વ. ૫૭, ઈડર, સાબરકાંઠા
- સ્વ. મકવાણા ડાહ્યાલાલ કાલીદાસ, ઉ.વ. ૬૫, સેકટર-૭

● રૂદ્રભૂમિ ●

- સ્વ. વાઘેલા રીતેષ દિનેશભાઈ, ઉ.વ. ૪૦, સેકટર-૪
- સ્વ. ગુર્જર અંબાલાલ શકરાભાઈ, ઉ.વ. ૮૧, સરગાસણ
- સ્વ. પવાર રજનીબેન ભાસ્કરભાઈ, ઉ.વ. ૬૫, સેકટર-૩

## તારી અને મારી એક સગાઈ, માત્ર ''માનવતા'' જેનું નામ ભાઈ...!!

### માનવતા ખાતર એક જરૂરિયાતમંદ પરિવારની દિકરીને બચાવી લેવા ગાંધીનગરના બે યુવાનોએ માત્ર ત્રણ દિવસમાં ૫૦થી વધુ બોટલ રકત એકત્ર કર્યું : અગાઉ વર્ષો પહેલા એક ગરીબના દિકરા માટે આવી સેવા આપી હતી અને હવે આ દિકરી પછી વધુ એક બાળકને બચાવી લેવાની જવાબદારી પણ ઉપાડી છે





ગાંધીનગર, તા. ૩૦


આપણે સૌએ એક સુવાક્ય તો વાંચેલુ હશે જ કે ''જે જેવું વિચારે છે અને કરે છે, તે તેવા જ બની જાય છે'' આ પાછળ કદાચ એવો તર્ક પણ હશે કે તમે જે કાર્ય એકવાર કરો છો પછી તે કાર્ય તમને આકર્ષે છે જેને ''લૉ ઓફ એટ્રેક્શન'' કહેવામાં આવે છે, એટલે કે જો તમે એકવાર કોઈ સત્કર્મ કરો તો તેવા જ સત્કર્મ કરવા માટે તમને બધા શોધતાં આવે છે. આવો જ અનુભવ ગાંધીનગરના બે સેવાભાવી યુવાનોને થયો છે અને એકવાર એક બાળકની જીંદગી બચાવવા માટે મોટી સંખ્યામાં રક્તદાતા એકત્ર કરવાના ભગીરથ કાર્યએ તેમને ફરી કેટલાંક વર્ષો બાદ એક પછી એક એમ વધુ બે બાળકોની તે જ પ્રકારની બિમારીથી બચાવવા માટે મોટી સંખ્યામાં રક્તદાન પ્રાપ્ત કરવાનુ કાર્ય કરવા નિમંત્ર્યા જેને આ યુવાનો ખૂબ જ સારી રીતે પાર પાડી રહ્યાં છે. આ યુવાનો એટલે ગાંધીનગરના વ્યોમ અમીન અને પૃથક ઠક્કર જેમને સાથ આપી રહ્યાં છે તેમના અન્ય મિત્રો પણ.

ગાંધીનગરમાં કેટલીક ખાસ પ્રકારની સેવાકીય પ્રવૃતિઓને એક ચેલેન્જની જેમ સ્વીકારી સફળતાપૂર્વક પાર પાડનાર નિવૃત વન અધિકારીના પુત્ર વ્યોમ અમીનને ગત તા. ૨૩મી મે ૨૦૨૧ના દિવસે અમદાવાદની સિવિલ હોસ્પિટલના કિડની વિભાગના હેડ ડૉ. શેહનાઝનો ફોન આવ્યો અને તેમણે જણાવ્યું કે તમે ૨૦૧૮ માં જે રીતે વડોદરાના રીક્ષાચાલક યાકુબભાઈના પુત્ર ફરદીન માટે એકસોથી વધુ બોટલ રક્ત એકત્ર કરવાનું ભગીરથ કાર્ય પાર પાડ્યું તું તે જ રીતે આજે ડીસા પાસેના ભોયણ ગામની ૧૨ વર્ષીય શ્રીનલ નામની દિકરીને તેજ રોગ જેનું નામ ''એટીપીકલ હેમોલિટીક યુરેમિક સિન્ડ્રોમ'' છે તેની સારવાર માટે ૧૨૦ બોટલ લોહીના પ્લાઝમાની જરૂર છે જે પૈકી ૭૦ બોટલ લોહી મળી ચુક્યું છે પરંતુ બાકીની ૫૦ બોટલ લોહી માટે આ કોરોના કાળમાં ખૂબ મુશ્કેલી પડી રહી છે તો મદદ કરી શકો તો સારૂ'' આ વાત સાંભળીને વ્યોમ અમીને તેમને એક-બે દિવસમાં જવાબ આપવાનું જણાવ્યુ હતુ. આ પછી તેણે તુરંત પોતાની જેમ વિવિધ સેવાકાર્યમાં હંમેશા અગ્રેસર અને ગાંધીનગરમાં ગૂંજ ફાઉન્ડેશનના નેજા હેઠળ મિત્રો સાથે મળીને છેલ્લાં પાંચેક વર્ષથી દર વર્ષે એક હજારથી પણ વધુ રક્તદાન જરૂરિયાતમંદ સુધી પહોંચાડવાની સેવા આપતાં પૃથક ઠક્કરનો સંપર્ક સાધ્યો હતો કેમકે પૃથક રક્તદાનની સેવા પ્રવૃતિ સાથે સંકળાયેલા હોવા ઉપરાંત મૂળ ડીસાનો વતની છે. પૃથક ઠક્કરે શ્રીનલ અંગે પ્રાપ્ત વિગતોના આધારે તપાસ કરી તો જાણવા મળ્યું કે ડીસા પાસેના નાનકડાં ભોયણ ગામના કાનજીભાઈ રબારી નામના ગરીબ ખેડૂતોની તે બે દિકરી અને એક દિકરો પૈકીની એક દિકરી છે જેને કિડનીની બિમારીની સારવાર માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી છે અને કાનજીભાઈએ પોતાના મિત્રો-સમાજની મદદથી ૭૦ બોટલ લોહી એકત્ર કર્યું છે પરંતુ બાકીની ૫૦ બોટલ બાકી છે જેના માટે તેઓ ચિંતિત છે. બસ એકવાર કેસ સાચા જરૂરિયાતમંદનો છે તે જાણી લીધા પછી વ્યોમ અને પૃથકે મળીને આ દિકરીને બચાવી લેવાનું બીડું ઝડપી લીધું અને ડૉ. શહેનાઝને તેની જાણ કર્યા બાદ










તા. ૨૭મી મેના રોજ રાત્રે એક મેસેજ બનાવીને પોતાના અન્ય મિત્રો તથા સોશિયલ મિડીયા પર વહેતો કરી દીધો હતો. આ બંને મિત્રોના ગંભીરતાપૂર્વકના પ્રયાસને પગલે જોતજોતામાં અનેક રકતદાતાઓના ફોન-મેસેજ આવવા લાગ્યા અને માત્ર એક દિવસના અંતે તા. ૨૮મીએ તેમણે ૩૬ બોટલ રકતદાન કરાવવામાં સફળતા મેળવી હતી અને બીજા દિવસે એટલે કે તા. ૨૯મી મે એ વધુ ૧૯ બોટલ રકત મેળવી લીધું હતું.

વ્યોમ-પૃથકની હૃદયસ્પર્શી અપીલના પગલે ગુજરાતના અમદાવાદ-ગાંધીનગર ઉપરાંત નડિયાદ, ડીસા, મહેસાણા, પાલનપુર, વડોદરા સહિતના અનેક શહેરોમાંથી રકતદાતાઓએ રકતદાન કરવા આવવાની તૈયારી દર્શાવી હતી. નડિયાદના હિરાભાઈ નામના એક પોલીસકર્મી તો તેમણે છ માસ પૂર્વે ઓપરેશન કરાવ્યું હોવા છતાં રકતદાન કરવા આવી પહોંચ્યા હતા જયારે અમદાવાદના પલ્લવ માનતારા નામના રકતદાતાઓ તેમનું ૧૦૭મી વારનું રકતદાન શ્રીનલ માટે કર્યું. આ ઉપરાંત ચાર યુવતીઓએ પણ રકતદાન કર્યું અને આ સેવાકાર્યમાં રકતદાન કરનાર અનેક યુવાનોએ તો તેમના જીવનમાં પહેલીવાર રકતદાન કર્યું હતું. ગુજરાત ઉપરાંત મુંબઈ, બેંગલોર અને પૂણેની ત્રણ સ્વૈચ્છિક સંસ્થાઓએ ફોન કરી વ્યોમ-પૃથકને મદદ કરવાની તૈયારી દર્શાવી હતી. માત્ર ત્રણેક દિવસના ગાળામાં જ આ ભગીરથ કાર્યને પાર પાડનાર વ્યોમ-પૃથક હજુ આ કાર્યમાંથી રાહતનો દમ લે તે પહેલાં બ્લડ બેંકમાં જ તેમની મુલાકાત ભરૂચના રીક્ષા ડ્રાઈવર તહેસીન મહંમદ સાથે થઈ જેમનો ૭ વર્ષીય પુત્ર હમ્જા મહંમદ આ જ બિમારીની સારવાર ત્યાં જ લઈ રહ્યો હતો અને તેને ૧૫૦ બોટલ રકતની જરૂર હતી તે પૈકી રૂ. ૨૮ હજારનો ખર્ચ કરીને ૧૨૦ બોટલ તો તેમણે મેળવી લીધી હતી પરંતુ વધુ ૩૦ બોટલ માટે ફાંફે ચઢયા હતા. આ કેસની પણ પુરતી ખરાઈ કર્યા બાદ વ્યોમ-પૃથકે હમ્જા મહંમદ માટે પણ રકતદાન એકત્ર કરવાનું નક્કી કરી લીધું અને શ્રીનલ માટે એકત્ર થયેલ વધારાની પાંચ સહિત સાતેક બોટલ તો તેઓ પુરા પાડી ચુકયા છે અને આગામી સપ્તાહે બાકીની જરૂરિયાત પણ પુરી કરી દેશે તેવો તેમને વિશ્વાસ છે. આ બંને યુવાનો તથા તેમના સહયોગી મિત્રોની પ્રતિબધ્ધતા ખરેખર દાદ માંગી લે તેવી છે. અત્યારે કોરોના મહામારીના પગલે હોસ્પિટલમાં જવાથી ફફડી ઉઠતા નાગરિકો રકતદાનથી અળગા થઈ રહ્યા છે અને યુવાનો માટે હાથ ધરાયેલા રસીકરણથી રકતદાન પ્રવૃત્તિમાં પણ ઓટ આવી રહી છે તેવી કપરી સ્થિતિમાં પણ માત્ર એક માનવતા ખાતર હાથ ધરેલા સેવાકાર્યને તેઓ ખૂબ જ ગંભીરતાપૂર્વક સફળ રીતે પાર પાડીને માત્ર આજના યુવાનો જ નહીં સમગ્ર સમાજ માટે ખૂબ જ પ્રેરણાત્મક ઉદાહરણ પુરું પાડી રહ્યા છે.

- પ્રતિભાવો આવકાર્ય :
samirtalod@gmail.com



## ખૂણેખાંચરેથી

● ગુજરાત સરકારે જળસંપત્તિ વિભાગના સચિવ એમ.કે. જાદવને વધુ એક વખત એક્ષ્ટેન્શન આપતાં સચિવાલય સહિતના કર્મચારીઓમાં ચર્ચાનો મુદ્દો બની ઉભરી આવેલ છે.

● ચંદ્રાલા ગામે આજે સેવા દિવસની ઉજવણીના ભાગરૂપે ૫૦ યુવાનોએ રક્તદાન કરી ઉજવણી કરી હતી.

● ગાંધીનગર શહેરમાં ભાજપના ઉમેદવારોએ આજે સેવા દિવસની ઉજવણીના ભાગરૂપે સે. ૨૨ માં ઘરે ઘરે ફરી માસ્ક અને સેનીટાઈઝરનું વિતરણ કર્યુ હતુ.

● જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૧૬૭૪ લોકોને વેક્સિનેશન અભિયાન હેઠળ આવરી લેવામાં આવ્યા હતા.

● ગાંધીનગર શહેરમાં આજે ૪૧૦૦ થી વધુ લોકોને વેક્સિનેશન હેઠળ આવરી લેવામાં આવ્યા હતા. ૩૭૦૦ થી વધુ ૧૮+ના યુવાઓને અને ૪૦૦ થી વધુ ૪૫+ ના લોકોને આવરી લેવામાં આવ્યા હતા.

● ગાંધીનગર શહેરમાં વૈશાખી બપોર અને ભેજનું પ્રમાણ વધારે જોવા મળતાં લોકોએ ઘરમાં જ રહેવાનું પસંદ કર્યુ હતુ.

● ૫મી જૂનના રોજ વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણીને લઈ તંત્રએ તેની ધીમી ગતિએ તૈયારીઓ આરંભી છે.

● નિવૃત્ત કર્મચારી અગ્રણી જયંતિભાઈ સોલંકીની દિકરી રત્નાનું દુ:ખદ અવસાન થયુ છે.

● ગાંધીનગર શહેરના વિવિધ સ્મશાનગૃહોમાં આજે પાંચ મૃતકોની અંતિમવિધિ કોવિડ-૧૯ની ગાઈડલાઈન પ્રમાણે કરવામાં આવી છે.

● ૧લી જૂનથી જિલ્લામાં મેલેરિયા વિરોધી માસની ઉજવણીના કાર્યક્રમોનું પણ આયોજન હાથ ધરવામાં આવ્યું છે.